P.07

૬૦ કરોડના છેતરપિંડીના કેસમાં અભિનેત્રી શિલ્પા શેટ્ટીનું નિવેદન નોંધાયું




# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૪ અંક : ૬૭ । વિક્રમ સંવત ૨૦૮૧ : આસો વદ ૦૧ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 04 • Issue : 67 • Dt.08-10-2025 Wednesday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125


P.07

શર્વરી વાઘ અહાન પાંડેની નવી ફિલ્મની હિરોઈન બનશે



બિહાર ભારે વરસાદ : નેપાળમાં ભારે વરસાદને કારણે કોસી નદીમાં પૂર



07

08 OCTOBER- 2025 WEDNESDAY



07

અમેરિકી રાષ્ટ્રપતિએ ૧ નવેમ્બરથી તમામ ઈમ્પોર્ટેડ ટ્રકો પર ૨૫ ટકા ટેરિફ લગાવવાની જાહેરાત કરી





The Demand for Cyber Security Professionals at All-Time high across the world.

Learn from the Most Experienced Trainer and One of India's Top Ethical Hackers and Cyber Security Expert Mr. FALGUN RATHOD

www.cyberoctet.com

Cyber Octet™

Learn more than 110 Topics | Task and Research based Training | 100% Placement Assistance | +91 74053 21234


ઓપરેશન સિંદૂર, જીએસટી ઘટાડો, આત્મનિર્ભર ભારત, સ્વદેશી અપનાવો અને સ્વચ્છ ભારત અભિયાન જેવા વિષયો પર વિદ્યાર્થીઓ દ્વારા લખવામાં આવ્યા

# અમદાવાદના વિદ્યાર્થીઓએ મોદીને લખ્યા ૭૫,૦૦૦ પોસ્ટકાર્ડ

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૭ ।

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્કૂલમાં ભણતા બાળકોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખ્યા છે. જેમાં ઓપરેશન સિંદૂર, જીએસટી ઘટાડો, આત્મનિર્ભર ભારત, સ્વદેશી અપનાવો અને સ્વચ્છ ભારત અભિયાન જેવા વિષયો પર વિદ્યાર્થીઓ દ્વારા કુલ ૭૫,૦૦૦ પોસ્ટકાર્ડ લખવામાં આવ્યા છે. આ પોસ્ટકાર્ડ સાથે ૭,૫૦૦ ચિત્રો પણ તૈયાર કરવામાં આવ્યા છે.આ અંગે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સ્કૂલ બોર્ડના ચેરમેન ડૉ. સુજય મહેતાએ જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૭ ઓક્ટોબર, ૨૦૦૧ના દિવસે ગુજરાતના ૧૪ મા મુખ્યમંત્રી તરીકે કાર્યભાર સંભાળ્યો હતો. આજે ૭ ઓક્ટોબર, ૨૦૨૫ ના દિવસે સફળતાપૂર્વક ૨૪ વર્ષ પૂર્ણ થયા છે, જે અંતર્ગત ૭ ઓક્ટોબરથી ૧૫ ઓક્ટોબર સુધી સમગ્ર ગુજરાત ઉમંગભેર ઉજવણી કરશે. અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે એક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે.ડૉ. સુજય મહેતાએ જણાવ્યું કે, ગુજરાતમાં ભાજપ દ્વારા વિકાસના ૨૪ વર્ષ પૂર્ણ કરવામાં આવ્યા છે. જેમાં વિશ્વાસ, સેવા અને સમર્પણ દ્વારા આત્મનિર્ભર ભારત, હર હર સ્વદેશી ઘર ઘર સ્વદેશી અંતર્ગત નેક્સ્ટ જેન જીએસટી અને સ્વદેશી અભિયાન દ્વારા સ્થાનિક અર્થતંત્ર મજબૂત બનાવીને સૌને આર્થિક રીતે સક્ષમ બનાવવાનો પ્રયાસ અંતર્ગત સહકાર વિભાગ દ્વારા ગુજરાત રાજ્યના ખેડૂતો અને નાગરિકો દ્વારા ૭૦ લાખથી વધુ પોસ્ટકાર્ડ લખીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું આભાર માનવામાં આવ્યો છે. આ વિશ્વ રેકોર્ડ રચવાના અભિયાનમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની શાળામાં ભણતા બાળકોનો પણ ફાળો છે.

## અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્કૂલમાં ભણતા બાળકોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખ્યા



ડૉ. સુજય મહેતાએ જણાવ્યું કે, બાળકો દ્વારા વિકસિત ભારત ૨૦૪૭, સ્વદેશી અપનાવો, આત્મનિર્ભર ભારત, ૨૦૪૭ લક્ષ્યાંક, વસુધૈવ કુટુંબકમ, ઓપરેશન સિંદૂરની સફળતા, એક્ઝામ વોરિયર, મન કી બાત, કુપોષણ અભિયાન, શાળામાં સુગર બોર્ડ, એક પેડ મા કે નામ, વોકલ ફોર લોકલ, સ્વચ્છ ભારત અભિયાન, ફીટ ઇન્ડિયા, મેક ઇન ઇન્ડિયા અને ડિજિટલ ઇન્ડિયા જેવી વિવિધ થીમ પર ૭૫,૦૦૦ પોસ્ટ કાર્ડ લખવામાં આવશે.આ ઉપરાંત વિકસિત ભારત, આત્મનિર્ભર ભારત, ડિજિટલ ઇન્ડિયા, પર્યાવરણ અને સતત વિકાસ જેવા વિષયો પર દોરેલા ૭,૫૦૦ જેટલા ચિત્રોનું પ્રદર્શન કરવામાં આવશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્કૂલમાં ભણતા બાળકોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખ્યા છે. જેમાં ઓપરેશન સિંદૂર, જીએસટી ઘટાડો, આત્મનિર્ભર ભારત, સ્વદેશી અપનાવો અને સ્વચ્છ ભારત અભિયાન જેવા વિષયો પર વિદ્યાર્થીઓ દ્વારા કુલ ૭૫,૦૦૦ પોસ્ટકાર્ડ લખવામાં આવ્યા છે. આ પોસ્ટકાર્ડ સાથે ૭,૫૦૦ ચિત્રો પણ તૈયાર કરવામાં આવ્યા છે.આ અંગે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સ્કૂલ બોર્ડના ચેરમેન ડૉ. સુજય મહેતાએ જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૭ ઓક્ટોબર, ૨૦૦૧ના દિવસે ગુજરાતના ૧૪ મા મુખ્યમંત્રી તરીકે કાર્યભાર સંભાળ્યો હતો. આજે ૭ ઓક્ટોબર, ૨૦૨૫ ના દિવસે સફળતાપૂર્વક ૨૪ વર્ષ પૂર્ણ થયા છે, જે અંતર્ગત ૭ ઓક્ટોબરથી ૧૫ ઓક્ટોબર સુધી સમગ્ર ગુજરાત ઉમંગભેર ઉજવણી કરશે. અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે એક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે.

સંતરામપુર તાલુકામાં ૩ જૂના તાલુકાઓમાં ૨૦ જેટલા ગામોમાં ફેરફાર

## કેબિનેટ બેઠકમાં મહત્ત્વનો નિર્ણય : નવા તાલુકામાં ગામોનો ફેરફાર સ્વીકાર્યો



રાજ્યના મંત્રીમંડળે તાજેતરમાં કેબિનેટ બેઠકમાં નવા બનાવેલા ૧૭ તાલુકાઓમાં કેટલાક ગામોમાં ફેરફાર કરવાની મંજૂરી આપી

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૭ ।

રાજ્યના મંત્રીમંડળે તાજેતરમાં કેબિનેટ બેઠકમાં નવા બનાવેલા ૧૭ તાલુકાઓમાં કેટલાક ગામોમાં ફેરફાર કરવાની મંજૂરી આપી છે. આ નિર્ણય સ્થાનિક અરજદારોની રજૂઆત અને વિકાસની આવશ્યકતા ધ્યાને રાખીને લેવામાં આવ્યો છે.સુરત જિલ્લાના માંડવી તાલુકામાં કુલ ૮ ગામોમાં ગામોના હદફેર કરવામાં આવ્યા છે. સાથે જ સંતરામપુર તાલુકામાં ૩ જૂના તાલુકાઓમાં ૨૦ જેટલા ગામોમાં ફેરફાર થયો છે. ખેડા જિલ્લાની ફાગવેલ અને કપડવંજ તાલુકાઓમાં કુલ ૧૧ ગામોને નવા હદમાં સમાવિષ્ટ કરવામાં આવ્યા છે.ઉલ્લેખનીય છે કે, સરકારે તાજેતરમાં ૧૭ નવા તાલુકાઓની જાહેરાત કરી હતી, જેમાં સ્થાનિક લોકોને પડતી અડચણો દૂર કરવા અને તંત્રની કાર્યક્ષમતા વધારવા માટે ગામોનું હદફેર કરવા માટેનું પ્રસ્તાવ લઈને કેબિનેટ સમક્ષ રજૂ કરવામાં આવ્યું હતું. મંત્રિમંડળે આ હદફેરને મંજૂરી આપી છે.નવા હદફેરથી સ્થાનિક લોકો માટે વહીવટ અને પ્રાથમિક સુવિધાઓમાં સુધારો થવાનો આશય છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં વ્યવસ્થાપન સરળ બને છે, ગ્રામજનો પોતાની ગામજાહેર હદમાં વિકાસ કાર્યો, સરકારી યોજનાઓ અને તંત્રની સેવાઓ વધુ સરળ રીતે મેળવી શકશે.પંચમહાલ જિલ્લામાં પણ સ્થાનિક રજૂઆતના આધારે કેટલાક ગામોના હદફેરના મુદ્દા ચર્ચામાં આવ્યા છે.સૂત્રોનું માનીએ તો - આ ફેરફાર સ્થાનિક અરજદારોની સુવિધા, વિકાસની ઝીણવટ અને તંત્રની કાર્યક્ષમતા માટે જરૂરી હતો. સાથે જ, હદફેર કર્યા પછીના ગામોના નવીન સરકારી રેકર્ડ, જમીનનો ઉપયોગ અને વિકાસના આયોજનને યોગ્ય રીતે સુધારવાની જવાબદારી જિલ્લા અને તાલુકા કચેરીઓ પર મૂકવામાં આવશે.આ નિર્ણયનો મુખ્ય હેતુ એ છે કે નવા તાલુકાઓની રચના સાથે ગામોનું હદફેર સ્થાનિક જરૂરિયાતો, વહીવટની સરળતા અને વિકાસને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યું છે. હદફેર પછી, તાલુકા કચેરીઓ અને જિલ્લા કચેરીઓ દ્વારા નવો નકશો તૈયાર કરવામાં આવશે અને સરકારી સેવાઓ, ખેતી, પાણી પુરવઠો અને વિકાસ યોજનાઓને અમલમાં મૂકવામાં આવશે.

ચાર મહિનાના વેકેશન બાદ ફરી એકવાર સાસણમાં સિંહ દર્શન શરૂ

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ૧૦ ઓક્ટોબરે બપોર બાદ સાસણ ગીર સફારી પાર્કમાં સિંહ દર્શન માટે આવશે, જેની પણ પ્રવાસીઓમાં ચર્ચા છે

## જુનાગઢ : ગીર સાસણ સફારી પાર્ક દસ દિવસ વહેલું ખુલ્યું । પ્રવાસીઓમાં ઉત્સાહ

। પ્રતિનિધિ, જુનાગઢ, તા.૭ ।

ચાર મહિનાના વેકેશન બાદ ફરી એકવાર સાસણમાં સિંહ દર્શન શરૂ થયું છે. આ વખતે ગીર અભયારણ્ય દસ દિવસ વહેલું પ્રવાસીઓ માટે ખુલ્લું મૂકવામાં આવ્યું. પ્રથમ દિવસે જ સાસણ સફારીમાં સિંહ યુગલના દર્શન કરીને પ્રવાસીઓએ ઉત્સાહભેર શરૂઆત કરી. આગામી ૧૦ ઓક્ટોબરે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ પણ સિંહ દર્શન માટે આવવાના છે, જેને લઈને પ્રવાસીઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો.આજથી ગીર સાસણ સફારી પાર્ક સિંહ દર્શન માટે વિધિવત રીતે શરૂ થયું છે. ગીરના ઈતિહાસમાં પ્રથમ વખત ૧૬ ઓક્ટોબરને બદલે ૭ ઓક્ટોબરે સિંહ દર્શન શરૂ થયું, જેના કારણે પ્રવાસીઓમાં ખુશીનો માહોલ જોવા મળ્યો. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ૧૦ ઓક્ટોબરે બપોર બાદ સાસણ ગીર સફારી પાર્કમાં સિંહ દર્શન માટે આવશે, જેની પણ પ્રવાસીઓમાં ચર્ચા છે.આ વખતે સફારી પાર્ક દસ દિવસ વહેલું ખુલતાં દેશ-વિદેશના પ્રવાસીઓમાં ઉત્સાહ જોવા મળ્યો. કેટલાક પ્રવાસીઓએ પ્રથમ વખત ગીરની મુલાકાત લઈને જંગલમાં સિંહોને જોવાનો રોમાંચક અનુભવ ઈટીવી ભારત સાથે વ્યક્ત કર્યો.બેંગલુરુથી આવેલા પ્રવાસી પ્રભાકરે જણાવ્યું કે, તેમણે ભારતના મોટાભાગના સફારી પાર્કની મુલાકાત લીધી છે અને વાઘ સહિત અન્ય વન્ય પ્રાણીઓ જોયા છે. પરંતુ ગીરમાં પ્રથમ વખત સિંહોને જોવાનો અનુભવ તેમના માટે અનફર્ગેટેબલ રહેશે. ગીરનું જંગલ અને આબોહવા તેમને ખૂબ આહલાદક લાગ્યાં, અને તેઓ ભવિષ્યમાં ફરી મુલાકાત લેવા ઈચ્છે છે.મુંબઈથી આવેલા મીનલ પાગરે પણ પ્રથમ વખત ગીરની મુલાકાતે આવ્યા હતા અને તેમને સિંહ યુગલના દર્શન થયા.

નરેન્દ્ર મોદીએ ગુજરાતના ૧૪ માં મુખ્યમંત્રી તરીકે તા. ૭ ઓક્ટોબર, ૨૦૦૧ના દિવસે શપથ લઈને રાજ્યની વિકાસ યાત્રાની કરવટ બદલી હતી

## નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ગુજરાતની સફળ વિકાસયાત્રાના ૨૪ વર્ષની સફળતાની ઉજવણીના વિકાસ સપ્તાહનો પ્રારંભ

નેતૃત્વ અને માર્ગદર્શનમાં ગુજરાતની ૨૦૦૧થી ૨૦૨૫ સુધીની ૨૪ વર્ષની સર્વગ્રાહી વૈશ્વિક વિકાસ યાત્રાની સફળતાની ગાથામાં જનભાગીદારીને જોડીને તા.૭ થી ૧૫ ઓક્ટોબર સુધી થનારા “વિકાસ સપ્તાહ”ની ઉજવણીનો પ્રારંભ ભારત વિકાસ પ્રતિજ્ઞાથી થયો છે

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૭ ।

નરેન્દ્ર મોદીએ ગુજરાતના ૧૪ માં મુખ્યમંત્રી તરીકે તા. ૭ ઓક્ટોબર, ૨૦૦૧ના દિવસે શપથ લઈને રાજ્યની વિકાસ યાત્રાની કરવટ બદલી હતી. તેમના નેતૃત્વ અને માર્ગદર્શનમાં ગુજરાતની ૨૦૦૧થી ૨૦૨૫ સુધીની ૨૪ વર્ષની સર્વગ્રાહી વૈશ્વિક વિકાસ યાત્રાની સફળતાની ગાથામાં જનભાગીદારીને જોડીને તા.૭ થી ૧૫ ઓક્ટોબર સુધી થનારા ‘‘વિકાસ સપ્તાહ’’ની ઉજવણીનો પ્રારંભ ભારત વિકાસ પ્રતિજ્ઞાથી થયો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તથા રાજ્ય મંત્રીમંડળના મંત્રીઓ – મુખ્ય સચિવ તથા વરિષ્ઠ સચિવઓ અને અધિકારીઓએ વિધાનસભા પોડિયમ માં યોજાયેલા સામુહિક પ્રતિજ્ઞા પઠનમાં જોડાઈને ‘‘ભારત વિકાસ



પ્રતિજ્ઞા’’ લીધી હતી.દેશના વડાપ્રધાન તરીકે નરેન્દ્ર મોદીએ વિકસિત ભારતના નિર્માણનો સંકલ્પ કર્યો છે તેને સાકાર કરવામાં પોતાનું સંપૂર્ણ યોગદાન માટે મન-કર્મ-વચનથી તત્પર રહેવા સાથે દેશ માટે સમર્પિત ભાવની સામુહિક ભારત વિકાસ પ્રતિજ્ઞા સૌએ કરી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિત મંત્રીએ અને મુખ્ય સચિવ પંકજ જોષી અને વરિષ્ઠ સચિવઓએ જે ભારત વિકાસ પ્રતિજ્ઞા લીધી હતી તે અક્ષરશઃ આ મુજબ છે.હું ભારતના જવાબદાર નાગરિક તરીકે પ્રતિજ્ઞા લઉં છું કે મારા જીવનની પ્રત્યેક ક્ષણે હું દેશ માટે સમર્પિત રહીશ હું સ્વનો વિચાર કરતાં પહેલાં સૌનો વિચાર કરીશ. દેશના બધા જ સંસાધનોનો ઉપયોગ યોગ્ય રીતે કરીશ. દેશના સર્વાંગી અને સમાવેશી વિકાસ માટે અવિરત કાર્યરત રહીશ.હું મારા દેશના સમૃદ્ધ વારસાનું ગૌરવ કરીશ અને તેનું જતન કરીશ.હું મારા દેશના બંધારણીય મૂલ્યોનું જતન કરવા સદાય પ્રયાસરત રહીશ.જ્ઞાતિ,ધર્મ કે જાતિના તમામ બંધનોમાંથી મુક્ત રહી,બંધુતાની ભાવના સાથે મારા દેશને પ્રાધાન્ય આપીશ. ‘એક ભારત, શ્રેષ્ઠ ભારત’ના સૂત્રને સાકાર કરવા ભારતની એકતા અને અખંડીતતા માટે સદાય પ્રતિબદ્ધ રહીશ.

રેલ નેટવર્ક ૮૯૪ કિલોમીટર સુધી વિસ્તર્યું


વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મંગળવારે મંત્રીમંડળે ૨૪,૬૩૪ કરોડ રૂપિયાના ચાર મુખ્ય રેલ્વે પ્રોજેક્ટ્સને મંજૂરી આપી હતી

# કેન્દ્રીય મંત્રીમંડળે ૨૪,૬૩૪ કરોડના ચાર જેટલા રેલ પ્રોજેક્ટ્સને મંજૂરી આપી

। પ્રતિનિધિ, નવીદિલ્હી,તા.૭ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મંગળવારે મંત્રીમંડળે ૨૪,૬૩૪ કરોડ રૂપિયાના ચાર મુખ્ય રેલ્વે પ્રોજેક્ટ્સને મંજૂરી આપી હતી. મંજૂર કરાયેલા રેલ્વે પ્રોજેક્ટ્સમાં મધ્ય ભારતમાં ક્ષમતા અને કનેક્ટિવિટી વધારવા માટે મુખ્ય રૂટ પર ત્રીજી અને ચોથી લાઈનનું બાંધકામ શામેલ છે.મંજૂર કરાયેલા રેલ્વે પ્રોજેક્ટ્સમાં મહારાષ્ટ્રમાં ૩૧૪ કિલોમીટર લાંબો વર્ધા-ભુસાવલ સેક્શન, મહારાષ્ટ્ર અને છત્તીસગઢમાં ફેલાયેલો ૮૪ કિલોમીટર લાંબો ગોંદિયા-ડોંગરગઢ સેક્શન, ગુજરાત અને મધ્યપ્રદેશને આવરી લેતો ૨૫૯ કિલોમીટર લાંબો વડોદરા-રતલામ કોરિડોર અને મધ્યપ્રદેશમાં ૨૩૭ કિલોમીટર લાંબો ઈટારસી-ભોપાલ-બીના સેક્શનનો સમાવેશ થાય છે. મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ગુજરાત અને છત્તીસગઢ રાજ્યોના ૧૮ જિલ્લાઓને આવરી લેતા આ ચાર પ્રોજેક્ટ્સ હાલના ભારતીય રેલ્વે નેટવર્કમાં આશરે ૮૯૪ કિલોમીટરનો ઉમેરો કરશે.મંજૂર થયેલ મલ્ટી-ટ્રેકિંગ પ્રોજેક્ટ આશરે ૮૫.૮૪ લાખની વસ્તી ધરાવતા ૩,૬૩૩ ગામડાઓ અને બે મહત્વાકાંક્ષી જિલ્લાઓ (વિદિશા અને રાજનાંદગાંવ) સાથે કનેક્ટિવિટી વધારશે. વધેલી લાઈન ક્ષમતા ગતિશીલતામાં નોંધપાત્ર વધારો કરશે, જેના પરિણામે ભારતીય રેલ્વે માટે કાર્યકારી કાર્યક્ષમતા અને સેવા વિશ્વસનીયતામાં સુધારો થશે. આ મલ્ટી-ટ્રેકિંગ દરખાસ્તો કામગીરીને સુવ્યવસ્થિત કરવા અને ભીડ ઘટાડવા માટે તૈયાર છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મંગળવારે મંત્રીમંડળે ૨૪,૬૩૪ કરોડ રૂપિયાના ચાર મુખ્ય રેલ્વે પ્રોજેક્ટ્સને મંજૂરી આપી હતી. મંજૂર કરાયેલા રેલ્વે પ્રોજેક્ટ્સમાં મધ્ય ભારતમાં ક્ષમતા અને કનેક્ટિવિટી વધારવા માટે મુખ્ય રૂટ પર ત્રીજી અને ચોથી લાઈનનું બાંધકામ શામેલ છે.મંજૂર કરાયેલા રેલ્વે પ્રોજેક્ટ્સમાં મહારાષ્ટ્રમાં ૩૧૪ કિલોમીટર લાંબો વર્ધા-ભુસાવલ સેક્શન, મહારાષ્ટ્ર અને છત્તીસગઢમાં ફેલાયેલો ૮૪ કિલોમીટર લાંબો ગોંદિયા-ડોંગરગઢ સેક્શન, ગુજરાત અને મધ્યપ્રદેશને આવરી લેતો ૨૫૯ કિલોમીટર લાંબો વડોદરા-રતલામ કોરિડોર અને મધ્યપ્રદેશમાં ૨૩૭ કિલોમીટર લાંબો ઈટારસી-ભોપાલ-બીના સેક્શનનો સમાવેશ થાય છે.







### ગુજરાતમાં વાયબ્રન્ટ સમિટની નવી કેડી શરૂ થવા જઈ રહી છે

## મહેસાણાની રિજનલ સમિટમાં અંતરિક્ષયાત્રી શુભાંશુ શુક્લા હાજરી આપશે

**વર્ષ ૨૦૦૩થી દર બે વર્ષે યોજાતી પરંપરાગત "વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ"ને આ વખતની સરકારે નવા સ્વરૂપમાં રજૂ કરી છે**

। પ્રતિનિધિ, ગાંધીનગર,તા.૭ ।

ગુજરાતમાં વાયબ્રન્ટ સમિટની નવી કેડી શરૂ થવા જઈ રહી છે. વર્ષ ૨૦૦૩થી દર બે વર્ષે યોજાતી પરંપરાગત "વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ"ને આ વખતની સરકારે નવા સ્વરૂપમાં રજૂ કરી છે. જે રાજ્યના ચાર ઝોનમાં અલગ-અલગ પ્રાદેશિક સમિટો યોજાશે, જોકે મુખ્ય રાજ્યસ્તરીય સમિટ જાન્યુઆરી ૨૦૨૭માં ગાંધીનગરના મહાત્મા મંદિરમાં યોજાવાની છે.રાજ્યના ઉદ્યોગ અને શિક્ષણ ક્ષેત્રે ઉત્તર ગુજરાતનો મહેસાણા જિલ્લો ઝડપથી ઉદ્ભવતો કેન્દ્ર બની રહ્યો છે. ત્યારે પ્રથમ પ્રાદેશિક સમિટ તરીકે મહેસાણાની જ પસંદગી કરાઈ છે. ગણપત યુનિવર્સિટીમાં ૯ અને ૧૦ ઓક્ટોબર ૨૦૨૫એ "ઉત્તર ગુજરાત પ્રાદેશિક વાયબ્રન્ટ સમિટ"નું આયોજન કરવામાં આવ્યું છે. સમિટનો વિષય છે — 'વિકસિત ગુજરાત – વિકસિત ભારત @૨૦૪૭', જે આગામી દાયકાઓમાં રાજ્યના સર્વાંગી વિકાસ માટે માર્ગદર્શક સાબિત થવાનો છે.આ ભવ્ય સમારોહનું ઉદ્ઘાટન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ કરશે. જ્યારે કેન્દ્ર સરકારના રેલવે, સૂચના અને પ્રસારણ તથા ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવ વિશેષ મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે. સાથે જ



ઈસરોના ચેરમેન ડૉ. વી. નારાયણન અને ભારતીય વાયુ સેનાના ગ્રુપ કેપ્ટન તથા ભારતના પ્રથમ અંતરિક્ષ યાત્રી શુભાંશુ શુક્લા પણ આ સમિટમાં હાજરી આપશે.સમિટના આરંભ પહેલાં મુખ્યમંત્રી અને અન્ય મહાનુભાવો વાયબ્રન્ટ ગુજરાત સમિટ એક્ઝિબિશનની મુલાકાત લેશે. આ પ્રદર્શન વિવિધ ક્ષેત્રોમાં થઈ રહેલી નવીનતા, ટેક્નોલોજીકલ વિકાસ, અને આધુનિક ઉદ્યોગ ઉત્પાદનોને રજૂ કરશે. રાજ્ય સરકારનું માનવું છે કે આ સમિટ ઉત્તર ગુજરાતના ઉદ્યોગ, કૃષિ, શિક્ષણ, હેલ્થકેર અને ટેક્નોલોજી ક્ષેત્રોમાં રોકાણકારો માટે નવી તકો ઉભી કરશે. સમિટમાં ઈનોવેટર્સ, ઉદ્યોગ સાહસિકો, સ્ટાર્ટઅપ્સ,એમએસએમઈપ્રતિનિધિઓ, વિદેશી રોકાણકારો અને મોટી કંપનીઓ વચ્ચે સીધો સંવાદ ઉભો કરવાનું આયોજન છે. સરકારના મતે, આ સમિટ "આત્મનિર્ભર ભારત", "વોકલ ફોર લોકલ" અને "સસ્ટેનેબલ ડેવલપમેન્ટ"ના વિચારને વધુ વેગ આપશે.

## સુરેન્દ્રનગરમાં ડમ્પર-કાર વચ્ચે અકસ્માત, ૪ મહિલાના મોત:એક પુરુષ ગંભીર

। પ્રતિનિધિ, સુરેન્દ્રનગર, તા.૭ ।

સુરેન્દ્રનગર-માલવણ હાઈવે પર અકસ્માતની ઘટના સામે આવી છે. જેમાં કારમાં સવાર ચાર મહિલાઓના ઘટનાસ્થળે જ મોત થયા છે.તે સિવાય એક વ્યક્તિ ગંભીરપણે ઘાયલ થતા તેને સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે.ઘટના અંગે મળતી માહિતી મુજબ સુરેન્દ્રનગર-માલવણ હાઈવે પર આવેલા ઝેઝરી ગામ નજીક ડમ્પર અને કાર વચ્ચે ધડાકાભેર ટક્કર થતાં ચાર મહિલાઓના મોત થયા છે. સ્થાનિકોએ જાણ કરતાં બજાણા પોલીસઅને૧૦૮નોકાફલોઘટનાસ્થળે પહોંચ્યો છે.આ અકસ્માતની ઘટનામાં અલટ્રોજ કાર માલવણથી સુરેન્દ્રનગર તરફ આવી રહી હતી,જ્યારે સામે સુરેન્દ્રનગરથી માલવણ તરફ માંતેલા સાંઢની માફક પુરઝડપે આવતા ડમ્પર સાથે ગોઝારો અકસ્માત સર્જાયો હતો.

## મહિસાગરમાં ૧૫ લાખના નશીલા પદાર્થ સાથે આરોપીની ધરપકડ

। પ્રતિનિધિ, મહિસાગર,તા.૭ ।

મહિસાગરના બાલાસિનોરમાંથી સ્ટેટ મોનિટરીંગ સેલની ટીમે એક આરોપીની ધરપકડ કરીને અંદાજે ૧૫ લાખ રૂપિયાની કિંમતનો મેફેડ્રોનનો જથ્થો કબજે કર્યો હતો. જ્યારે અન્ય એક આરોપી ફરાર થઈ જતા પોલીસે તેની શોધ હાથ ધરી છે.આ બનાવની વિગત મુજબ SMCની ટીમને માહિતી મળી હતી કે બાલાસિનોરમાં જીઆઈડીસી વિસ્તારમાં તરણ સઈદ દરગાહ પાછળ ખુલ્લા ખેતરમાં કેટલાક આરોપીઓ પાસે ડ્રગ્સનો જથ્થો છે. આ માહિતીને આધારે પોલીસે અહીં દરોડો પાડ્યો હતો.જેમાં પોલીસે શેખ મોહમ્મદ અસફાક મોહમ્મદ હનીફની ધરપકડ કરી હતી. તેની પાસેથી પોલીસે રૂ.૧૪,૬૪,૬૦૦ ની કિંમતનો મેફેડ્રોનનો જથ્થો, એરકમોબાઈલ, વાહન વગેરે મળીને કુલ રૂ.૧૫,૪૭,૬૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

## પાટણથી પાકિસ્તાની નાગરિક ઝડપાયો, તપાસ શરૂ કરવામાં આવી

। પ્રતિનિધિ, પાટણ, તા.૭ ।

પાટણમાં એક ખુબ જ ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જ્યાં પાટણના સાંતલપુરમાંથી એક પાકિસ્તાની ઝડપાયો છે. મોહમ્મદ નવાઝ નામના શખ્સને બીએસએફ દ્વારા ઝડપી લેવામાં આવ્યો છે. જો કે તે બોર્ડર પાર કરીને છેક પાટણના સાંતલપુર સુધી કઇ રીતે પહોંચ્યો તે સૌથી મોટો સવાલ છે. આ વ્યક્તિ એવાલ ગામ નજીક 'પરવાના બીઓપીથી ઝડપાયો હતો. સમગ્ર મામલે પાટણ જિલ્લા પોલીસ, સેન્ટ્રલ આઇબી,બીએસએફની ટીમ કરશે સંયુક્ત તપાસ કરી રહી છે.પાટણના સાંતલપુરમાં બીએસએફએ પાકિસ્તાનીને ઝડપી લેતા ચકચાર મચી ગઇ છે. બોર્ડર પરથી પ ાકિસ્તાનીને ઝડપ્યો હતો. મોહમ્મદ નવાઝ નામનો શખ્સ પકડાયો હતો. સમગ્ર મામલે પોલીસ દ્વારા તપાસ આદરવામાં આવી છે. આ વ્યક્તિ ક્યાંથી આવ્યો કઇ રીતે ભારતમાં ઘુસ્યો અને કઇ રીતે અહીં સુધી પહોંચ્યો સહિતના સમગ્ર મામલે તપાસ આદરી છે.પ ાટણના સાંતલપુર તાલુકાના બોર્ડર પરથી પાકિસ્તાનીને ઝડપી લેવાયો છે. બીએસએફ દ્વારા શંકાસ્પદ પાકિસ્તાની ઝડપી લેવામાં આવ્યો હતો. મોહમ્મદ નવાજ નામનો શખ્સ બીએસએફના હાથે ઝડપાયો છે. તે કયા ઈરાદે આવ્યો હતો કઇ રીતે પાકિસ્તાનમાંથી ઘુસી આવ્યો હતો. અહીં કોને મળવાનો હતો અને ક્યાં રોકાવાનો હતો સહિતની તમામ બાબતે તપાસ ચાલી રહી છે.

### "મિશન ક્લીન સ્ટેશન" હેઠળ વડોદરા રેલવે પોલીસે મોટું ઓપરેશન હાથ ધર્યું

## વડોદરા રેલવે પોલીસે ૨૬ કિલોગ્રામ ગાંજાનો જથ્થો ઝડપી પાડયો । કિંમત અંદાજે રૂપિયા ૨.૭૬ લાખ

। પ્રતિનિધિ, વડોદરા, તા.૭ ।

રાજ્યમાં નશાકારક પદાર્થોની હેરાફેરી રોકવા માટે શરૂ કરેલ "મિશન ક્લીન સ્ટેશન" હેઠળ વડોદરા રેલવે પોલીસે મોટું ઓપરેશન હાથ ધર્યું છે. આ ઓપરેશન દરમિયાન વડોદરા અને સુરત રેલ્વે સ્ટેશનમાંથી કુલ ૨૬ કિલોગ્રામ ગાંજાનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. આ જથ્થાની બજાર કિંમત અંદાજે રૂ. ૨.૭૬ લાખ જેટલી હોવાનું પોલીસ સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.

રાજ્યમાં રેલ્વે માર્ગે નશાકારક પદાર્થોની હેરાફેરી વધતી હોવાની માહિતી મળ્યા બાદ વેસ્ટર્ન રેલવે વડોદરાના એસપી અભય સોનીના માર્ગદર્શન હેઠળ ચુસ્ત ચેકિંગ ડ્રાઇવ શરૂ કરવામાં આવી હતી. વડોદરા



રેલવે સ્ટેશન પર તૈનાત ડોગ સ્ક્વોડની મદદથી ટ્રેનોમાં તપાસ શરૂ કરવામાં આવી.તપાસ દરમિયાન અમદાવાદ-પુરી એક્સપ્રેસના જી૧ કોચ તથા જનરલ કોચના કોરિડોરમાં બિનવારસી સ્થિતિમાં રાખેલ થેલી મળી આવી. ડોગ સ્ક્વોડે સંદિગ્ધ પ્રતિક્રિયા આપતા પોલીસે થેલી ખોલી તપાસ કરતા અંદાજે ૧૫ કિલોગ્રામ ગાંજો મળી આવ્યો. કોઈ વ્યક્તિ માલિકી દાખવવા આગળ ન આવતા પોલીસે જથ્થો જપ્ત કરી વધુ તપાસ શરૂ કરી છે.

બીજી તરફ સુરત રેલ્વે સ્ટેશન પર દોંડ-ગ્વાલિયર એક્સપ્રેસમાં પણ ગાંજાની હેરાફેરી થતી હોવાની ગુપ્ત માહિતીના આધારે રેલવે પોલીસે ચેકિંગ શરૂ કર્યું. તપાસ દરમિયાન ઓડિશાના રહેવાસી એક શંકાસ્પદ મુસાફર દીપક સ્વાઈને રોકી તેની બેગ તપાસતા ૧૧ કિલોગ્રામ ગાંજો મળી આવ્યો હતો.પોલીસે તરત જ દીપક સ્વાઈને કસ્ટડીમાં લઈ જથ્થો જપ્ત કર્યો. શરૂઆતની તપાસમાં ખુલ્યું કે દીપક સ્વાઈ આ જથ્થો ઓડિશાથી ગુજરાતમાં સપ્લાય કરવા માટે લાવ્યો હતો. હાલ પોલીસ તેની પૂછપરછ કરી રહી છે કે તે કોઈ મોટી નેટવર્ક સાથે સંકળાયેલો છે કે નહીં.આ સમગ્ર કાર્યવાહી અંગે વેસ્ટર્ન રેલવે એસપી અભય સોનીએ જણાવ્યું કે, રાજ્યમાં રેલ્વે માર્ગે થતા નશાકારક પદાર્થોના પ્રવાહને અટકાવવા માટે 'મિશન ક્લીન સ્ટેશન' અંતર્ગત નિયમિત ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે.

## સુરતમાં પરીણિતાની આત્મહત્યાના કેસમાં મકાન માલિક પ્રેમીની ધરપકડ કરાઇ

। પ્રતિનિધિ, સુરત, તા.૭ ।

સુરતમાં પરીણિતાએ આત્મહત્યા કરી તે કેસમાં મકાન માલિકની ધરપકડ કરવામાં આવ્યો છે. સુરતના સચિન જીઆઇડીસી વિસ્તારમાં પરીણિતાએ આત્મહત્યા કરતાં આ વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. પરીણિતાએ ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરી હતી. આ ૨૩ વર્ષીય પરીણિતાના કોઈ યુવક સાથે આડા સંબંધ હતા. તેણે પ્રેમીની વિરુદ્ધ ઓડિયો રેકોર્ડિંગ કરીને આત્મહત્યા કરી હતી. તેણે ઓડિયા રેકોર્ડિંગમાં પ્રેમીને જણાવ્યું હતું કે તે આઠ મહિનાથી જુદી-જુદી હોટેલોમાં બોલાવીને મારું શારીરિક શોષણ કર્યુ છે. હવે હું તને બતાવી દઈશ. તેના પછી તેણે ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી.પોલીસે તેના પ્રેમી અને મકાનમાલિક અજય મૌર્યની ધરપકડ કરી છે. આ કેસની વિગતો એવી છે કે મૂળ ઉત્તરપ્રદેશની વતની અને હાલમાં સચિન જીઆઇડીસીમાં પરીણિતા તેના પતિ અને પુત્ર સાથે રહેતી હતી. પતિ જરીકામ ખાતામાં કામ કરીને કુટુંબનું ભરણપોષણ કરતો હતો. પરિણીતાએ પાછા પાંચ વર્ષ પહેલાં પ્રેમલગ્ન કર્યા હતા. પરીણિતાએ ગઇકાલે સાંજે રસોડામાં લગાવેલી લોખંડની એન્ગલ પર દોરડું લગાવી આત્મહત્યા કરી હતી.પરીણિતાના પતિએ પણ જણાવ્યું હતું કે તેની પત્નીના યુવક સાથે આડા સંબંધ હતા,

## દ્વારકાના કલ્યાણપુરમાં એક જ પરિવારના ત્રણ સભ્યોએ જિંદગી ટૂંકાવી

। પ્રતિનિધિ, દેવભૂમિ દ્વારકા, તા.૭ ।

દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના લાંબા ગામે એક અત્યંત કરુણ અને હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. અહીં એક જ પરિવારના ત્રણ સભ્યોએ ઝેરી દવા પીને આત્મહત્યા કરી લેતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે અને શોકનું મોજું ફરી વળ્યું છે.પ્રાથમિક માહિતી મુજબ, મૃતક પરિવારના મુખ્ય સભ્ય લાંબા સમયથી કેન્સર જેવી ગંભીર અને જીવલેણ બીમારીથી પીડિત હતા. મૃતક વ્યક્તિની લાંબી બીમારી અને તેની અસહ્ય પીડાથી પરિવારના અન્ય સભ્યો ખૂબ જ કંટાળી ગયા હોવાનું સામે આવ્યું છે. આ જીવલેણ બીમારી અને પીડાના ભારથી ત્રસ્ત થઈને મૃતક વ્યક્તિએ પોતાના પુત્ર અને પુત્રી સાથે મળીને આત્મઘાતી પગલું ભર્યું હતું. કેન્સરની ઘાતક બીમારીથી કંટાળી જઈને ત્રણેય સભ્યોએ એકસાથે ઝેરી દવા પીને જીવન ટૂંકાવ્યું હોવાનું જાણવા મળ્યું છે.ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો તાત્કાલિક લાંબા ગામે દોડી આવ્યો હતો. પોલીસે ત્રણેય મૃતદેહોનો કબજો મેળવીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યા છે. આ દુઃખદ ઘટના પાછળનું ચોક્કસ કારણ જાણવા અને અન્ય કોઈ પાસાં છે કે કેમ તે માટે પોલીસે વધુ તપાસ શરૂ કરી છે. જોકે, કેન્સરની બીમારીથી ત્રસ્ત થઈને આ પગલું ભરવામાં આવ્યું હોવાની પ્રાથમિક વિગતો મળી છે.



મધ્યપ્રદેશમાં સિરપકાંડની બાળકોના મૃત્યુ પછી રાજ્ય સરકાર એક્શનમાં આવી

# ગુજરાતની કફ સિરપ બનાવતી બે કંપનીને ઉત્પાદન બંધ કરવા આદેશ આપવામાં આવ્યો

**આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, કેમિસ્ટ પાસેથી દવાનો જથ્થો રિકોલ કરવામાં આવ્યો**

। પ્રતિનિધિ, ગાંધીનગર,તા.૭ ।

મધ્યપ્રદેશમાં સિરપકાંડની બાળકોના મૃત્યુ પછી રાજ્ય સરકાર એક્શનમાં આવી છે. રાજ્યની બે કંપનીઓની દવાઓના નમૂના ફેઈલ થયા છે. સુરેન્દ્રનગરના શેપ ફાર્મા કંપનીના નમૂના ફેલ થતા કંપની પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. બાવળાની રેન્ડેક્સ ફાર્મા કંપનીના નમૂના પણ ફેલ થતા કંપની પર પ્રતિબંધ મુકાયો છે.આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, કેમિસ્ટ પાસેથી દવાનો જથ્થો રિકોલ કરવામાં આવ્યો છે. ૬૨૪ પેઢીઓ આવી દવા બનાવી રહી હોવાનો આરોગ્યમંત્રીએ ખુલાસો કર્યો હતો.





મધ્યપ્રદેશમાં કફ સીરપથી બાળકોના મોતનો મુદ્દે ગુજરાતમાં તપાસ હાથ ધરવામાં આવી છે. બાવળાની રેડનેક્સ ફાર્મા કંપની દ્વારા રો મટીરિયલ પૂરું પાડ્યું હતું. બાવળાની રેડનેક્સ ફાર્મા કંપનીમાં પહોંચ્યું હતું. રેડનેક્સની રેસપીફ્રેશ કફ સીરપ પરીક્ષણમાં ફેલ થયા છે. પરીક્ષણમાં સીરપની અંદર ડીઈજીનું પ્રમાણ વધુ આવ્યું છે.

સીરપકાંડ બાદ ગુજરાતની ૨ કંપનીઓમાં દિલ્લીથી તપાસ હાથ ધરી છે. સુરેન્દ્રનગરની શેપ ફાર્મા કંપનીમાં દિલ્લીથી તપાસ હાથ ધરવામાં આવી છે. કંપનીના એચઆર મેનેજર દેવાંગ શાહનુ નિવેદન આપ્યુ હતું કે, દિલ્લીથી તપાસ કરવામાં આવી હતી. કંપનીમાં કફ સિરપનુ ઉત્પાદન કરાય છે. કંપનીમાં ૫ થી ૬ પ્રોડક્ટનુ ઉત્પાદન કરવામાં આવે છે. અમે સપ્લાય નહી થર્ડ પાર્ટી મેન્યુફેક્ટર કરીએ છીએ.આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, તાજેતરમાં જ બાળકોના ઉપયોગમાં લેવાતી કેટલીક કફ સિરપ દવાઓ 'નોટ ઑફ સ્ટાન્ડર્ડ' જાહેર કરવામાં આવી છે. જેના પગલે ગુજરાતમાં પણ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા આવી કફ સિરપ દવાઓ બનાવતી પેઢીઓની સઘન તપાસ કરીને અને રાજ્યવ્યાપી પગલાં લેવામાં આવી રહ્યાં છે.ગુજરાતમાં લાઈસન્સ ધરાવતી કુલ ૬૨૪ ઓરલ લિક્વિડ દવા બનાવતી કંપની સ્થિત છે. જે તેમના ઉત્પાદનોનો પુરવઠો રાજ્યની અંદરના અધિકૃત વિતરણકારો મારફતે તેમજ રાજ્ય બહારના વિસ્તારોમાં પણ સપ્લાય કરે છે.મંત્રી પટેલે કહ્યું હતું કે, તાજેતરમાં જ સુરેન્દ્રનગર જિલ્લાના મૂળી તાલુકામાં આવેલી મે. શેપ ફાર્મા પ્રા. લિ. તેમજ અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકામાં આવેલી મે. રેડનેક્સ ફાર્માસ્યુટિકલ્સ લિ. દ્વારા ઉત્પાદિત કફ સિરપના નમૂનાઓ 'નોટ ઑફ સ્ટાન્ડર્ડ' જાહેર થયા હતા. આ ગંભીર બાબતને ધ્યાનમાં રાખીને ખોરાક અને ઔષધ નિયમન તંત્ર તથા સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કન્ટ્રોલ ઓર્ગેનાઈઝેશનના ડ્રગ ઈન્સ્પેક્ટરો દ્વારા ગત તા. ૦૩ થી ૦૫ ઓક્ટોબર,૨૦૨૫ દરમિયાન આ બંને પેઢીઓની જોખમ-આધારિત સંયુક્ત તપાસ કરવામાં આવી હતી.આ સંયુક્ત તપાસના અહેવાલમાં જોવા મળેલી જુદી-જુદી ક્ષતિઓના આધારે સંયુક્ત તપાસ ટીમ દ્વારા મે. શેપ ફાર્મા પ્રા. લિ., સુરેન્દ્રનગર અને મે. રેડનેક્સ ફાર્માસ્યુટિકલ્સ લિ., અમદાવાદને તાત્કાલિક અસરથી દવાનું ઉત્પાદન બંધ કરવા આદેશ આપવામાં આવ્યો છે.

વેકેશનનો પ્રારંભ: ૧૭મી ઓક્ટોબરવેકેશનનો અંત: ૬ નવેમ્બર

## ગુ.જ રાજ્યની શાળાઓમાં ૨૧ દિવસનું દિવાળી વેકેશન જાહેર કરાવામાં આવ્યું

। પ્રતિનિધિ, ગાંધીનગર,તા.૭ ।

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે ૨૧ દિવસના દિવાળી વેકેશનની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. આ લાંબા વિરામથી સૌ કોઈમાં ઉત્સાહનું વાતાવરણ છવાયું છે, જે વિદ્યાર્થીઓને તહેવારોની ઉજવણી અને કુટુંબ સાથે ગુણવત્તાયુક્ત સમય પસાર કરવાની તક આપશે.માધ્યમિક શાળાઓ (ધોરણ ૯ થી ૧૨)વેકેશનનો પ્રારંભ: ૧૬મી ઓક્ટોબરવેકેશનનો અંત: ૫મી નવેમ્બરકુલ દિવસો: ૨૧ દિવસપ્રાથમિક શાળાઓ (ધોરણ ૧ થી ૮)વેકેશનનો પ્રારંભ: ૧૭મી ઓક્ટોબરવેકેશનનો અંત: ૬ નવેમ્બર

કુલ દિવસો: ૨૧ દિવસ દિવાળીનો તહેવાર એ ભારતીય સંસ્કૃતિનો સૌથી મોટો અને મહત્વનો તહેવાર છે. શિક્ષણ વિભાગના આ નિર્ણયથી વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ સૌને રાહત મળી છે, જેથી તેઓ તણાવમુક્ત વાતાવરણમાં પ્રકાશના આ પર્વની સંપૂર્ણપણે ઉજવણી કરી શકશે. વેકેશન પૂર્ણ થયા બાદ, તમામ શાળાઓ નિયમિત સમયપત્રક મુજબ પુનઃ શરૂ થશે. શૈક્ષણિક વર્ષના પ્રથમ સત્રના અંતે મળતું આ વેકેશન, વિદ્યાર્થીઓને માનસિક અને શારીરિક રીતે તાજગી આપશે, જે તેમને બીજા સત્ર માટે નવા જોમ અને ઉત્સાહ સાથે અભ્યાસમાં ધ્યાન કેન્દ્રિત કરવામાં મદદરૂપ થશે.

## મને જવાબદારી મુક્ત કરો, કોંગ્રેસના વરિષ્ઠ નેતાએ રાજીનામાના સંકેત આપ્યાં

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૭ ।

ગુજરાત કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોરે રાજકારણમાંથી નિવૃત્તિ લેવાનો સંકેત આપીને રાજકીય વર્તુળોમાં અટકળો શરૂ કરી દીધી છે. તેમણે કહ્યું છે કે તેઓ કોઈપણ ચૂંટણી લડશે નહીં અને કોંગ્રેસ કાર્યકારી સમિતિમાં તેમની જવાબદારીઓમાંથી તેમને મુક્ત કરવા પક્ષને અપીલ કરી છે.જગદીશ ઠાકોરે મીડિયાને જણાવ્યું હતું કે, "હું મારા છેલ્લા શ્વાસ સુધી કોંગ્રેસ માટે કામ કરતો રહીશ, પરંતુ હવે યુવા અને મહેનતુ કાર્યકરોને આગળ લાવવાની જરૂર છે."રાહુલ ગાંધીનો આભાર વ્યક્ત કરતા તેમણે કહ્યું, "રાહુલ ભાઈએ મને ધારાસભ્ય અને સાંસદ બનાવ્યો. હું તેમનો આભારી અને ઋણી છું."જગદીશ ઠાકોરે વધુમાં કહ્યું, "મેં સ્પષ્ટપણે નક્કી કર્યું છે કે હવે કોઈપણ ચૂંટણીમાં ઉમેદવાર તરીકે મારી કોઈ ભૂમિકા રહેશે નહીં. હવે સમય આવી ગયો છે કે એવા ચહેરાઓને આગળ લાવવાનો જે સખત મહેનત કરી શકે." ગુજરાત કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોરે રાજકારણમાંથી નિવૃત્તિ લેવાનો સંકેત આપીને રાજકીય વર્તુળોમાં અટકળો શરૂ કરી દીધી છે.

## દાતારમાં ચંદનના વૃક્ષોની ચોરી કરતા શખ્સની વન વિભાગે ધરપકડ કરી

। પ્રતિનિધિ, જૂનાગઢ, તા.૭ ।

જૂનાગઢ વન વિભાગ હેઠળના ડુંગર દક્ષિણ રેન્જના ખોડિયાર રાઉન્ડમાં આવતા દાતાર સીડીની આજુબાજુના અભ્યારણ્ય વિસ્તારમાંથી ચંદનના વૃક્ષોની ચોરી કરતા ઈસમોને પકડવામાં વન વિભાગને મોટી સફળતા મળી છે. વન વિભાગની ટીમે મુદ્દામાલ સાથે ચોરને ઝડપી પાડ્યો છે અને તેની વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.છેલ્લા ૪-૫ દિવસથી આ વિસ્તારમાં સ્ટાફ દ્વારા સતત વોચ રાખવામાં આવી રહી હતી. ગત તારીખ ૦૫-૧૦-૨૦૨૫ના રોજ ચંદનના ઝાડ કાપવાના ઈરાદે આવેલા કેટલાક અજાણ્યા ઈસમો સીડીની આજુબાજુ નજરે પડ્યા હતા.સ્ટાફને આ ઈસમો ધ્યાને આવતા તેમનો પીછો કરવામાં આવ્યો હતો. આખરે, ઈસમો ભવનાથ પાંચ નાકા પાસેથી બહાર નીકળતા જ સ્ટાફે કાર્યવાહી કરી હતી. જેમાં એક ઈસમને ચોરીના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યો હતો, જ્યારે અન્ય એક ઈસમ ભાગી છૂટ્યો હતો. પકડાયેલા ઈસમની પૂછપરછ કરતા તેનું નામ વિરમારામ મોતીરામ કલાવા (રહે. સાટીયાખેડી, તા. ગોગુંદા, જી. ઉદયપુર, રાજસ્થાન) હોવાનું જાણવા મળ્યું હતું. તેણે કબૂલ્યું હતું કે તેઓ કુલ ૫ શખ્સની ટોળકીમાં હતા, જેમાંથી બાકીના ૩ ઈસમો મજેવડી ખાતે તેમની રાહ જોઈ રહ્યા હતા.જૂનાગઢથી ઉદયપુર જવા માટે આ ત્રણ સાથીદારો મજેવડી સક્કરબાગ રોડ પર આવેલા રાજ ગુરુ ટ્રાવેલ્સની બસમાં જવાની યોજના હતી. આ માહિતીના આધારે વન વિભાગે ટ્રાવેલ્સ ઓફિસનો સંપર્ક કર્યો, પરંતુ ઉદયપુર જતી બસ રવાના થઈ ચૂકી હતી. બસના ડ્રાઈવર સાથે વાતચીત કરીને તાત્કાલિક બસનો પીછો કરાયો હતો. બસને જેતપુરથી આગળ રોકીને તપાસ કરવામાં આવતા ચંદનનો મુદ્દામાલ મળી આવ્યો હતો, જોકે એક પણ આરોપી હાજર નહોતો.

FREE
HEARING TEST
ઉમેદ ચૌહાણ
મો.: ૯૧ ૯૮૭૯૭૭૮૦૦૮
શું તમને સાંભળવામાં તકલીફ થાય છે ?
આજે જ તમારી શ્રવણ શક્તિ તપાસો...
કોને લાભ મળવા પાત્ર છે.
પેન્શનર તથા સરકારી કર્મચારીઓ તેમજ
મ્યુ. કોર્પોરેશનમાં નોકરી ધરાવતા હોય તેમના માટે
રૂા. ૫૦,૦૦૦/-ના રીઈમ્બર્સમેન્ટની સ્કીમનો લાભ મેળવો.
ગુજરાતના બધાજ શહેરોમાં સુવિધા ઉપલબ્ધ છે.
ફ્રી હીઅરીંગ ચેકઅપ કેમ્પ માટે સંપર્ક કરો.

માતુશ્રી ડી.બી.પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ 2024-3
કૈલાશ નગર, આટકોટ – ૩૬૦૦૪૦ તા. જસદણ જી.રાજકોટ
પ્રતિક્ષા વિદ્યા પ્રતિષ્ઠાન સંકુલ
સમસ્ત પટેલ સમાજ કન્યા સંસ્કાર મંદિર
મહિલા નિવાસી સંકુલ
Mts.D.B.Patel Edu. Trust
સા વિદ્યા યા વિમુક્તયે
પ્રવેશ-માર્ગદર્શન માટે મળો. 2024-25
ગુણવતા યુકત શિક્ષણ માટે
દરેક કલાસરૂમમાં મર્યાદિત સંખ્યા..
સમગ્ર ગુજરાત રાજયમાં માર્ચ - ૨૦૨૪માં લેવાયેલ ધો.૧૨ સામાન્ય પ્રવાહ
સંસ્થા સંચાલિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા
વર્ષ : ૨૦૦૩ થી વર્ષ : ૨૦૨૪ સુધી કુલ ૩૦ વખત ગુજરાત બોર્ડમાં
૧૦૦% પરિણામ મેળવી પ્રથમ સ્થાન પ્રાપ્ત કરતી શાળા
100 % H.S.C. BOARD 2024 Result
માતૃશ્રી એમ.પી.જે.ઉચ્ચતર માધ્યમિક કન્યા વિદ્યાલય- આટકોટ
ગુજરાતી માધ્યમ – સામાન્ય પ્રવાહ ધો.૧૧–૧૨
ધો. ૧૨ સામાન્ય પ્રવાહમાં 100% પરિણામ...
1 સાવલીયા રેન્સી હરેશભાઈ 99.14 PR
2 વાવલીયા રાજવી વિજયભાઈ 99.08 PR
2 પાંભર કરીના પરસોત્તમભાઈ 99.08 PR
3 ભાદાણી જાનવી ગોપાલભાઈ 98.71 PR
3 મકવાણા સેજલ માધાભાઈ 98.71 PR
આપણી સૌની સ્કૂલ...!
સમગ્ર ગુજરાત રાજયમાં માર્ચ - ૨૦૨૪માં લેવાયેલ
100 % H.S.C. BOARD 2024 Result
ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૧૦૦% પરિણામ...
માતૃશ્રી એમ.પી.જે.ઉચ્ચતર માધ્યમિક કન્યા વિદ્યાલય- આટકોટ
1 ભાલોડિયા ખુશી ભાવેશભાઈ 91.85 PR
2 ત્રિવેદી નિરાલી નીતાબેન 91.05 PR
3 મેણિયા પ્રિયંકા વિજયભાઈ 90.11 PR
100 % S.S.C. BOARD 2024 Result
સમગ્ર ગુજરાત રાજયમાં માર્ચ - ૨૦૨૪માં લેવાયેલ
ધો. ૧૦માં ૧૦૦% પરિણામ...
માતૃશ્રી એસ.ડી.માધ્યમિક કન્યા શાળા - આટકોટ.
1 રાજાણી રૈના રમેશભાઈ 95.96 PR
2 સિસોદીયા ધરાકુંવરબા મુળરાજસિંહ 95.67 PR
3 ડામોર ધ્રુવી અર્જુનસિંહ 94.77 PR
4 અણિયાળીયા સાધના ઈશ્વરભાઈ 93.45 PR
4 પલાળિયા જ્યોતિકા રાજેશભાઈ 93.45 PR
5 માકડિયા વિશ્વા જીતેશભાઈ 92.93 PR
શ્રી સ્વામિનારાયણ પ્રાથમિક કન્યા શાળા - આટકોટ.
ધો. ૪ થી ૮ સ્વનિર્ભર ગુજરાતી માધ્યમ
શ્રી એલ.એચ.રામાણી પ્રાયમરી સ્કૂલ- આટકોટ
(સ્વનિર્ભર ઈંગ્લીશ મીડિયમ શાળા)
જુન ૨૦૨૪ થી પ્રવેશ શરૂ...
Play House, L.K.G., H.K.G., Std. 1 to 5 Std 6 to 8
કેરેલીયન સ્ટાફ દ્વારા શિક્ષણ
+91 94269 61132 / 96872 03855 / 94272 31583 / 99745 93155

## તંત્રી લેખ..

# બજારને ફટકો પડશે

કોરોના કાળ પહેલા રિટેલ વેપારના ક્ષેત્રમાં ૧૦૦ ટકા એફડીઆઇને મંજુરી આપી દેવામાં આવી હતી જેના કારણે વર્તમાન સંજોગોમાં કેટલાક નવા પડકારો અને સમસ્યા સરકાર સામે ઉભી થઇ શકે છે. આના કારણે વેપારીઓને પણ સમસ્યા આવી શકે છે. સાથે સાથે સ્પર્ધા વધવાની સ્થિતીમાં પણ કેટલાક પડકારો આવી શકે છે. સરકારે નિર્માણ ક્ષેત્રમાં પણ એટલી જ છુટછાટ આપી છે. પ્રશ્ન એ થાય છે કે સ્વદેશીનૂ વાત કરનાર સરકારે વિદેશી રોકાણ પર એટલુ ભાર કેમ મુકી રહી છે. વિદેશી લોકો પાસેથી અને વિદેશી નાણાંને લઇને ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વમાં સરકાર કેમ આધાર રાખવાના પ્રયાસ કરી રહી છે. આ મંજુરી પણ કોઇ નાની મોટી કિંમત અને કુરબાની પર આધારિત દેખાઇ રહી નથી. આના માટે તે પોતાની જ નિતીને ખતમ કરી રહી છે. ભારતીય જનતા પાર્ટીને જનસંઘના સમયથી જ વેપારીઓન પાર્ટી તરીકે ગણવામાં આવે છે. જ્યારે યુપીએ સરકાર રીટેલ ક્ષેત્રમાં ૫૧ ટકા એફડીઆઇની વાત કરી રહી હતી ત્યારે ભાજપે જોરદાર વિરોધ કર્યો હતો. તે તત્કાલીન સરકારની એવી સ્પષ્ટતા સાથે સંતુષ્ટ થઇ ન હતી કે આના કારણે રોજગારીમાં નોંધપાત્ર રીતે વધારો થશે. ભાજપના લોકોએ એ વખતે એવી દલીલ પણ સરકારની સ્વીકારી ન હતી કે આના કારણે દેશમાં મોંઘવારીમાં ઘટાડો થશે. વર્ષ ૨૦૧૪માં સામાન્ય ચૂંટણી યોજાઇ ત્યારે તે પહેલા સ્વર્ગસ્થ અરૂણ જેટલીએ પોતે કહ્યુ હતુ કે સરકારમાં આવ્યા બાદ અમારા વલણમાં કોઇ ફેરફાર થનાર નથી. આવી વાત કરનાર સરકારે હવે ગુલાંટ કેમ મારી દીધી છે. ૫૧ ટકાથી વધારીને ૧૦૦ ટકા એફડીઆઇ કેમ થઇ ગઇ છે. ભલે આંતરરાષ્ટ્રીય દબાણ હોય કે પછી કેટલાક અન્ય પરિબળો હોય સરકારની કેટલીક જવાબદારી તો ચોક્કસપણે બને છે. ભારતના ગામ ગાંમ સુધી બેઠેલા કરોડો નાના વેપારી પર તેની અસર શુ થશે. નોટબંધી અને જીએસટીથી માઠી અસરમાંથી લોકો બહાર આવી ચુક્યા છે પરંતુ કોરોનાની મહામારી બાદ રિક્વરી હજુ પણ થઇ શકી નથી. વિશ્વના દેશો આર્થિક રિક્વરીને લઇને ઝઝુમી રહ્યા છે. સામાન્ય લોકો પહેલા જ પરેશાન થયેલા છે. દરરોજ કમાણી કરીને ખાનાર લોકોની હાલત વધારે કફોડી બની શકે છે. વિદેશી કારોબારીઓ ભારતમાં રોકાણ કરવા માટે તૈયાર છે. તેમને ભારત નહીં બલ્કે ૧૩૦ કરોડ ભારતીય લોકો નજરે પડી રહ્યા છે. વિદેશી કારોબારીઓ છ સાત મહિના સુધી નુકસાન ઉઠાવીને પણ દેશમાં રહેલા નાના કારોબારીઓને ખતમ કરવાના ઈરાદા સાથે મેદાનમાં ઉતરનાર છે. આ બાબત ભાજપ અને કોંગ્રેસ બન્નેની બને છે કે નાના કારોબારીઓને બચાવી લેવા માટે પ્રયાસ કરવામાં આવે. નાના કારોબારીઓને કોઇ નુકસાન કોઇ સંજોગોમાં ન થાય તેની ખાતરી કરવામાં આવે તે જરૂરી છે. વિશ્વના દેશોમાં હાલ અરાજકતાની સ્થિતી રહેલી છે. આવી સ્થિતીમાં તમામ બાબતોને સાવધાનીપૂર્વક હાથ ધરવામાં આવે તે જરૂર છે. સ્થાનિક નાના વેપારીઓના હિતને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી આગળ વધવામાં આવે તે જરૂરી છે. મોદી સરકાર પહેલાથી જ પરેશાન રહેલા નાના કારોબારીઓની સમસ્યા વધારે ન વધે તે દિશામાં આગળ વધવાના પ્રયાસ કરે તે જરૂરી છે.

# સ્કીન ક્રીમથી કિડનીને નુકસાન

આપની સ્કીનને સોફ્ટ અને ગ્લોઇંગ તેમજ ખુબસુરત કરવાનો દાવો કરનાર ક્રીમમાં કેટલાક પ્રકારના નુકસાન કરતા તત્વો રહેલા હોય છે. જેના કારણે આપને સ્કીનની તકલીફ ઉભી કરી શકે છે. સાથે સાથે ગંભીર પ્રકારની બિમારી આપી શકે છે. સ્કીન સાથે સંબંધિત ક્રિમ કિડનીને ડેમેજ કરી શકે છે. ક્રિમ જુદા જુદા પ્રકારની બિમારી આપી રહી હોવા છતાં આની તરફ લોકોનુ ધ્યાન જઇ રહ્યુ નથી. આવુ અમે એટલા માટે કહી રહ્યા છીએ કે સ્કીન પર ઉપયોગ કરવામાં આવતી ક્રિમમાં ખતરનાક મેટલ મર્ક્યુરી એટલે કે પારાનો ઉપયોગ નિધારિતિ માપદંડ કરતા વધારે પ્રમાણમાં કરવામાં આવે છે. આ પ્રકારની ક્રિમ ઇ-કોમર્સ પોર્ટલ ઉપરાંત બજારોમાં જોરદાર રીતે વેચાઇ રહી છે. દિલ્હીના ગફ્ફાર માર્કેટમાંથી લેવામાં આવેલા સ્કિન ક્રિમના ચાર સેમ્પલોમાં પારાનુ પ્રમાણ ૪૮.૧૭થી એક લાખ ૧૦ હજાર પીપીએમ સુધી રહ્યુ છે. માત્ર ભારત જ નહીં બલ્કે આ ક્રીમનો ઉપયોગ દુનિયાભરમાં કરવામાં આવે છે. આ દાવો જીરો પારા ગ્રુપ દ્વારા કરવામાં આવ્યો છે. આ ગ્રુપ દ્વારા પારાથી થનાર પ્રદુષણ પર કામ કરે છે. આ ગ્લોબલ સ્ટડીમાં ભારત માટે ટોક્સિક લિન્ક દ્વારા અભ્યાસની કામગીરી હાથ ધરવામાં આવી છે. જીરો મર્ક્યુરી વર્કિંગ ગ્રુપના આ અભ્યાસના તારણ ૧૨ દેશોમાં જારી કરવામાં આવ્યા છે. અભ્યાસના તારણમાં કહેવામા ંઆવ્યુ છે કે ૧૫૮ સ્કીન ક્રિમ સેમ્પલોમાંથી ૯૬ સ્કીન ક્રીમ સેમ્પલમાંથી ૯૬ મર્ક્યુરીનુ સ્તર ૪૦ પીપીએમથી એક લાખ ૩૦ હજાર પીપીએમ સુધી છે. ભારત માટે લેવામાં આવેલા સેમ્પલોમાં મર્ક્યુરીનુ પ્રમાણ ૪૮થી એક લાખ ૧૩ હજાર પીપીએમ સુધી છે. આ નક્કી કરવામાં આવતા માપદંડ એક પીપીએમથી ખુબ વધારે છે. ભારત માટે લેવામાં આવેલા સેમ્પલો ઓનલાઇન અને ઓફલાઇન કલેક્ટ કરવામાં આવ્યા છે. .આ તમામ ક્રિમના સેમ્પલોને માન્યતા પ્રાપ્ત લેબમાં મોકલી દેવામાં આવ્યા બાદ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. અભ્યાસ બાદ એવી બાબત સપાટી પર આવી હતી કે જેટલા પણ સેમ્પલો લેવામાં આવ્યા હતા તે તમામ સેમ્પલોમાં પારાનુ પ્રમાણ નક્કી કરવામાં આવેલા પ્રમાણ કરતા ખુબ વધારે રહ્યુ હતુ. જે ક્રીમના સેમ્પલો લેવામાં આવ્યા હતા તે પૈકી મોટા ભાગની ક્રિમ એશિયામાં જ બનાવવામાં આવી રહી હતી. પાકિસ્તાનમાં ૬૨ ટકા, થાઇલેન્ડમાં ૧૯ ટકા અને ચીનમાં ૧૩ ટકા ક્રિમનુ ઉત્પાદન કરવામાં આવી રહ્યુ છે. ૧૨ દેશોમાંથી સેમ્પલો લેવામાં આવ્યા હતા. ત્યારબાદ તેમાં અભ્યાસની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આમાંથી ૬૦ ટકા પ્રોડક્ટસમાં મર્ક્યુરીનુ પ્રમાણ એક પીપીએમથી વધારે રહેતા તેની ચર્ચા નિષ્ણાંતોમાં જોવા મળી રહી છે. જાણકાર નિષ્ણાંતોનુ કહેવુ છે કે કિડની અને શરીરના અન્ય ભાગોને તે ભારે નુકસાન કરે છે. સ્કીન લાઇટિંગ અથવા તો સ્કીનની ખુબસુરતીને નિખારીને વાઇટ કરવાનો દાવો કરતી કંપનીઓની સ્કીન ક્રીમ ખુબ નુકસાન કરે છે. સાબુ અને અન્ય ચીજ વસ્તુઓમાં આનુ પ્રમાણ ખુબ વધારે રહે છે. ભારતીય બજારં હાલમાં બોડીલોશનનો ભરાવો જોવા મળી રહ્યો છે. ટોચની કંપનીઓ લોકોને આકર્ષિત કરવા માટે જુદા જુદા પ્રકારના બોડી લોશન રજૂ કરીને જંગી નાણાં એકત્રિત કરવામાં વ્યસ્ત છે. આવા સમયમાં બોડી લોશન અને ફેરનેશ ક્રીમના કારણે થઇ રહેલા નુકસાન તરફ કોઇનું ધ્યાન ખેચાઇ રહ્યું નથી. સ્કીનને બોડીલોશનના કારણે ભારે નુકસાન થઇ રહ્યું છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન (ડબલ્યુએચઓ) દ્વારા હાલમાં જ નવી ચેતવણી જારી કરીને ભારતીય લોકોને સાવધાન રહેવા કહ્યું છે. ડબલ્યુએચઓની ચેતવણીને ગંભીરતાપૂર્વક લેવામાં આવે છે. તેનું કહેવું છે કે આશરે ૬૧ ટકા ડરમાટોલોજીકલ માર્કેટમાં ચીજો સ્કીનને વધુ ચમકદાર રાખે તેવી પ્રોડક્ટની સાબુ, સ્કીમ અને કોસમેટીક ચીજવસ્તુઓ સામે ડબલ્યુએચઓ દ્વારા ચેતવણી અપાઇ છે. ખાસ કરીને આઇમેકપ, ક્લીનઝીંગ પ્રોડક્ટ અને મસ્કારા જેવી કોસમેટીક ચીજવસ્તુઓના સંબંધમાં કહેવામાં આવ્યું છે કે આ પ્રોડક્ટમાં પારાનું પ્રમાણ રહેલું છે. ખાસ કરીને ભારતીયોને વધુ સાવધાન રહેવાની સલાહ આપવામાં આવી છે. ડબલ્યુએચઓએ કહ્યું છે કે ક્રીમ અને સ્કીનને વધુ ચમકદાર બનાવનાર સાબુમાં પારાના તત્વો રહેલા છે જેનાથી સ્કીનની સાથે સાથે શરીરના અન્ય ભાગને નુકસાન થઇ રહ્યું છે. વૈશ્વિક આરોગ્ય સંસ્થાએ કહ્યું છે કે સાબુ અને ક્રીમમાં ઉપલબ્ધ પારાનું પ્રમાણ પાણીમાં ડિસ્ચાર્જ થયા બાદ પર્યાવરણમાં પ્રવેશ કરે છે. જ્યાંથી તે મેથીલેટેડ બનીને ફુડ ચેનમાં પ્રવેશ કરે છે.



**ચિંતાની બાબત : બંગાળમાં તો સ્થિતી ખુબ દયનીય બની ચુકી છે...**

**બંગાળમાં સૌથી વધારે હાલત કફોડી દેખાઇ છે એટલે કે કુલ મામલામાં ૩૪ ટકા મામલાનો માત્ર બંગાળના રહ્યા છે નેશનલ ક્રાઇમ રિકોર્ડ બ્યુરોના આંકડામાં દાવો કરવામાં આવ્યો છે કે આમાંથી ૮૬ ટકા એટલે કે ૨૬૮૭ યુવતિઓ નિકળી છે**

# માનવ તસ્કરી : એક મોટી સમસ્યા છે

**માનવ તસ્કરીનો શિકાર થયેલી ૨૬ ટકા મહિલાઓ દેહ વેપારમાં બાળપણમાં જ ધકેલી દેવાય છે : મહિલાઓ જાતિય શોષણનો શિકાર**

માનવ તસ્કરીના મામલા ચિંતાજનક રીતે વધી રહ્યા છે. દેશના અનેક રાજ્યોમાં તો આ સમસ્યા ખુબ ગંભીર બની ચુકી છે. ખાસ કરીને પશ્ચિમ બંગાળમાં માનવ તસ્કરીની સ્થિતી સૌથી દેયનીય બનેલી છે. ભારતમાં તસ્કરી કરવામાં આવેલા દરેક પાંચ મામલામાં ત્રણ મામલા બાળકોના રહેલા છે. જે વધારે ચિંતા ઉપજાવે છે. ઈન્ડિયા સ્પેન્ડના રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે વર્ષ ૨૦૨૦ના આંકડા મુજબ પશ્ચિમ બંગાળમાં સૌથી વધારે સંખ્યામાં બાળકોના તસ્કરીના કેસ સપાટી પર આવ્યા છે. બંગાળમાં સૌથી વધારે હાલત કફોડી દેખાઇ છે. એટલે કે કુલ મામલામાં ૩૪ ટકા મામલાનો માત્ર બંગાળના રહ્યા છે. નેશનલ ક્રાઈમ રિકોર્ડ બ્યુરોના આંકડામાં દાવો કરવામાં આવ્યો છે કે આમાંથી ૮૬ ટકા એટલે કે ૨૬૮૭ યુવતિઓ નિકળી છે. વર્લ્ડ વિજન ઈન્ડિયાના અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે ૫૯ ટકા કિશોરીઓને તસ્કરીથી બચાવી લેવાને લઇને કોઇ માહિતી નથી. ૭૨ ટકા લોકોને તો એ અંગે પણ માહિતી નથી જે તેમની મદદ કરી શકે છે. તસ્કરીનો શિકાર થયેલી ૫૦ ટકા મહિલાઓ જાતિય શોષણનો શિકાર થઇ રહી છે. ૨૬ ટકા જેટલી મહિલાઓ દેહ વેપારમાં બાળપણમાં ધકેલી દેવામાં આવે છે. બંગાળમાં એક મોટો હિસ્સો બાંગ્લાદેશ, નેપાળ, ભુટાણ,બિહાર, ઓરિસ્સા, ઝારખંડ અને સિક્કિમ તેમજ આસામની સરહદ સાથે જોડાયેલ છે. આના કારણે તસ્કરી વધારે સરળ બની જાય છે. રાજસ્થાનમાં પણ હાલત સારી નથી. બંગાળની વાત કરવામાં આવે તો અહીં વર્ષ ૨૦૨૦માં ૩૧૧૩ બનાવો બન્યા હતા. રાજસ્થાનમાં પણ ઓછા તસ્કરીના બનાવો રહ્યા ન હતા. રાજસ્થાનમાં ૨૫૧૯ જેટલા તસ્કરીના બનાવો બન્યા હતા. ગરીબી અને હતાશાના કારણે કોઇ પણ વ્યક્તિ બિનસુરક્ષિત અનુભવ કરે છે. ગરીબી અને હતાશા લોકોને બિનસુરિક્ષત પ્રવાસ તરફ ખેંચી જાય છે. જ્યાં આ હતાશ અને દુખી લોકો વધારે મુશ્કેલીમાં મુકાઇ જાય છે અને માનવ તસ્કરીનો શિકાર થઇ જાય છે. યુવતિઓ અને મહિલાઓ તો દેહ વેપારનો શિકાર થઇ જાય છે. આ આંકડો ૨૬ ટકાની આસપાસ રહે છે. ૫૦ ટકા કરતા વધારે મહિલાઓ જાતિય શોષણનો શિકાર થઇ જાય છે. નેશનલ ક્રાઇમ રેકોર્ડ બ્યુરોના આંકડા દર્શાવે છે કે વર્ષ ૨૦૨૦માં ભારતમાં ૧૫૩૭૯ લોકોની તસ્કરી ભારતમાં થઇ હતી. જે પૈકી ૫૪ ટકા તો મહિલાઓ હતી. મહિલાઓની સંખ્યા આમાંથી ૪૯૧૧ જેટલી નોંધાઇ છે. આવી જ રીતે ૪૬ ટકા યુવકોની તસ્કરી કરવામાં આવી છે. આ સંખ્યા ૪૧૨૩ જેટલી છે. રિપોર્ટ તસ્કરી માટે જુદા જુદા કારણ દર્શાવે છે. જે પૈકી એક કારણ લગ્નની લાલચ પણ છે. વર્લ્ડ વિજન ઈન્ડિયાના રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે દેહ વેપાર માટે થતી તસ્કરીમાં મોટા ભાગે પહેલા લગ્ન કરવાની લાલચ આપવામાં આવે છે. આ મામલા બોયફ્રેન્ડની સાથે ભગાડી દેવાના મામલા સામેલ છે. યુવતિઓને લગ્ન કરવાની અને નોકરી આપવાની લાલચ આપીને ફસાવી દેવામાં આવે છે. આ દિશામાં વધારે સક્રિયતા સાથે આગળ વધવાની જરૂર છે. કાયદાઓને વધારે કઠોર રીતે લાગુ કરવા અને પોલીસ વધારે ગંભીરતા સાથે આગળ વધે તે જરૂરી છે. શકમંદો પર નજર રાખવાની પણ જરૂર દેખાઇ રહી છે. માનવ તસ્કરી આજની સમસ્યા નથી. વર્ષોથી આ સમસ્યા રહેલી છે. પરંતુ આને રોકી પણ શકાય છે. આના માટે મજબુત ઈચ્છાશક્તિ અને યોગ્ય કાયદાને અમલી કરવાની જરૂર દેખાઇ રહી છે. માનવ તસ્કરીના કેસો કઇ રીતે રોકી શકાય તેને લઇને સંબંધિત વિભાગોમાં ચર્ચા થઇ રહી છે. સાથે સાથે જુદા જુદા રાજ્યો દ્વારા પગલા પણ લેવામા આવી ચુક્યા છે. પરંતુ આની અસર દેખાઇ રહી નથી. માનવ તસ્કરીનો શિકાર મોટા ભાગે ગરીબ બાળકો અને ગરીબ પરિવાર વધારે બને છે. કારણ કે આવા પરિવારના લોકો તેમના બાળકોને નોકરી અને અન્ય લાલચમાં અન્યત્ર મોકલી દે છે. માનવ તસ્કરીમાં સામેલ લોકોના સકંજામાં આ પરિવારના લોકો સરળતાથી આવી જાય છે. જ્યારે વાસ્તવિકતા ખુલે છે ત્યાર સુધી તો ખુબ મોડુ થઇ જાય છે. દેશમાં માનવ તસ્કરીના ૧૫ હજારથી વધારે મામલા બની ચુક્યા છે.





**યુવા પેઢી ઉત્સાહ સાથે આ બિઝનેસમાં કેરિયર બનાવવા ઉત્સુક...**

**સેલુનના પરંપરાગત બિઝનેસને ખતમ કરીને તેમાં હાઇ ફાઇ લુક આપવાના પ્રયાસમાં છે સેલુનને ગ્લેમરસ ઓપ આપીને યુવાનો જંગી કમાણી પણ હવે કરી રહ્યા છે સેલુન બિઝનેસને નવી ઉંચાઇ પર લઇ જવા માટે યુવા ઉદ્યોગ સાહસિકોને કેટલીક નવી બાબતોને ધ્યાનમાં રાખવામાં આવે તે જરૂરી છે**

# સેલુન બિઝનેસનો ક્રેઝ વધી રહ્યો છે

**ફેશનની દુનિયામાં કેરિયર બનાવવા માટે ઇચ્છુક યુવાનો હાઇફાઇ લુક આપી રહ્યા છે : અનેક નવા નવા ટ્રેન્ડના કારણે બોલબાલા વધી**


હાલના દિવસોમાં બિઝનેસ કરવા માટે યુવાનો ઈચ્છુક બન્યા છે. નોકરીને લઈને ઉદાસીનતા દેખાય છે. યુવાનો નવા નવા કોર્સ કરીને બિઝનેસ શરૂ કરવા માટે ઈચ્છુક છે. સેલુન બિઝનેસ પણ હવે જોરદાર માંગ ધરાવે છે. આ બિઝનેસ ગ્લેમરસ થતા આ ક્ષેત્રમાં યુવાનો ઝડપથી આગળ આવી રહ્યા છે અને આમાં પસંદગી ઉતારી રહ્યા છે.

હાલના દિવસોમાં યુવાનોમાં જે બિઝનેસને લઈને ક્રેઝ છે તેમાં સેલુન બિઝનેસ ટોપ પર છે. ફેશનની દુનિયામાં કેરિયર શોધી રહેલા યુવાનો આ બિઝનેસના પરંપરાગત માધ્યમને બદલી નાંખવા માટેના પ્રયાસમાં છે. સેલુનના પરંપરાગત બિઝનેસને ખતમ કરીને તેમાં હાઈ ફાઈ લુક આપવાના પ્રયાસમાં છે. સેલુનને ગ્લેમરસ ઓપ આપીને યુવાનો જંગી કમાણી પણ હવે કરી રહ્યા છે. સેલુન બિઝનેસને નવી ઉંચાઈ પર લઈ જવા માટે યુવા ઉદ્યોગ સાહસિકોને કેટલીક નવી બાબતોને ધ્યાનમાં રાખવામાં આવે તે જરૂરી છે. સેલુન અને સ્પામાં કસ્ટમર જેના માટે સૌથી વધારે આકર્ષિત થાય છે તે આપના ઈનોવેશન હોય છે. ટ્રેન્ડી લુકને શિખવાની બાબત ઉપયોગી સાબિત થાય છે.ટ્રેન્ડી લુકને શિખવા અને તેને ઉપયોગમાં લાવવાથી વધુને વધુ કસ્ટમરો આકર્ષિત થાય છે. નવા નવા સાધનો જે બજારમાં આવી રહ્યા છે તે પણ કસ્મટરોને ખેંચે છે. આના કારણે આપના બિઝનેસમાં વધારો થઈ શકે છે.

ફેશન ટ્રેન્ડને ફોલો કરવાની સાથે સાથે ફેમસ સ્ટાઈલિસ્ટ પણ પણ ધ્યાન આપવાની જરૂર હોય છે. હાલમાં કેવી ફેશન ચાલી રહી છે તેના પર પણ ધ્યાન આપી શકાય છે. સેલુન અને સ્પાના કામોને શિખવા માટે શોર્ટ ટર્મ કોર્સ પણ કરી શકાય છે. કેટલીક ખાનગી અને સરકારી સંસ્થાઓ આ પ્રકારના કામ શિખવાડે ચે. જો તમે સ્ટાર્ટ અપને એક બ્રાન્ડ તરીકે વિકસિત કરવાની ઈચ્છા ધરાવો છો તો આપને નિષ્ણાંતની મદદની પણ જરૂર ચોક્કસપણે થશે. કોઈ પણ વ્યક્તિની લાઈફમાં તેના લુકની મહત્વપૂર્ણ ભૂમિકા રહે છે. જેથી એક્સપર્ટની ભૂમિકા નિર્ણાયક રહે છે. આપની ઈચ્છા મુજબ ટ્રેની એક્સપર્ટ પણ રાખી શકાય છે. આ એવા લોકો હોય છે કે કેટલીક મોટી સંસ્થાઓ સાથે કામ કરવાનો અનુભવ ધરાવે છે. સેલુન બ્રાન્ડ સાથે કામ કરવાના તેમના અનુભવનો લાભ લઈ શકાય છે. સેલુન સ્ટાર્ટ અપ એવા ગણતરીના બિઝનેસમાં સામેલ છે જેના માટે લોકેશન પણ સૌથી મહત્વપૂર્ણ બાબત હોય છે. જો તમે સેલુનને સ્ટાર્ટ અપ તરીકે જોઈ રહ્યા છો તો પોતાના શહેરમાં પ્રાઈપ લોકેશનની પસંદગી કરવાની રહેશે.

ભલે સેલુન કદમાં નાનુ હોય પરંતુ તેની જગ્યા ખબ મહત્વપૂર્ણ રહે છે. ટાર્ગેટ કસ્ટમરના હેતુથી જગ્યા છે કે કેમ તે બાબત ઉપયોગી રહે છે. સેલુન માટે જગ્યાની પસંદગી કરવી વેળા પણ કેટલીક બાબતોને ધ્યાનમાં રાખવાની જરૂર હોય છે. જે જગ્યા પસંદ કરવામાં આવી છે તે જગ્યાનુ ભાડુ પણ તમારા બજેટમાં આવે તે બાબત ઉપયોગી હોય છે. ક્રિએટિવિટીની સાથે સાથછે અપગ્રેડ થવા માટેની તૈયારી પણ રાખવી જોઈએ. આકારોબારમાં જોડાવવા માટે ઈચ્છુક યુવક યુવતિઓનો દાવો છે કે દરેક ક્ષેત્રમાં મંદી કોઈને કોઈ કારણસર આવી શકે છે પરંતુ આ ક્ષેત્રમાં ક્યારેય મંદી આવશે નહીં. લોકો પોતાની ઈચ્છાને હવે બદલી રહ્યા છે. ફેશનના નવા નવા ટ્રેડ આવી રહ્યા છે. આવી સ્થિતીમાં સેલુન બિઝનેસમાં જોરદાર કારોબાર છે. સાથે સાથે આ બિઝનેસમાં પુષ્કળ નાંણા પણ રહેલા છે. આવી સ્થિતીમાં કારોબારને વધુને વધુ યુવાનો પસંદ કરી રહ્યા છે. આ કારોબારમાં સ્થાનનુ ખાસ મહત્વ રહેલુ છે. આધુનિક સમયમાં સેલુન કારોબારમાં નવા નવા લોકો પણ આવી રહ્યા છે. હવે કોઈ પણ સામાન્ય સેલુન ધરાવનાર વ્યક્તિ પણ ઉલ્લેખનીય કમાણી દરરોજની કરે છે. આ ક્ષેત્ર સાથે જોડાયેલા લોકો દાવો કરે છે કે સારી નોકરીમાં મહિનામાં જેટલી આવક છે તેટલી આવક આ રોજગાર અને કારોબારમાં થઈ રહી છે. સાથે સાથો પોતાના કારોબાર હોવાની ગર્વની લાગણી પણ થાય છે.





**સક્સેસ ટિપ્સ : સ્પર્ધાના યુગમાં નોકરીમાં ફિટનેસને મહત્વ મળ્યુ...**

**અભ્યાસાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે મોટાભાગના લોકો ૩૦ મિનિટ સુધીની કસરત કરે તો તેમના લાઇફમાં ઉમેરો કરી શકે છે અભ્યાસમાં એવું પણ જાણવા મળ્યું છે કે સપ્તાહમાં પાંચ દિવસ કસરત કરવાથી પણ ફાયદો મળે છે**

# સફળતા માટે શારરિક ફિટનેસ જરૂરી

**ફિટનેસ મામલે દાખલા રૂપ બનેલા મિલિન્દ સોમનના કહેવા મુજબ ફિટનેસ લાઇફમાં સૌથી ઉપયોગી પાસા તરીકે છે**

પોતાની વ્યસ્ત લાઈફ અને જીવનશેલીને દોષ આપીને કેટલાક લોકો કહે છે કે જીવનમાં ભાગદોડ ખુબ છે જેથી ફિટનેસને લઈને સમય નથી. હકીકતમાં આ પ્રકારની દલીલ બિલકુલ યોગ્ય નથી. વિતેલા વર્ષોના મોડલ અને ખુબસુરત અભિનેતા મિલિન્દ સોમને કહ્યુ છે કે આ પ્રકારના લોકો અંગે તે માને છે કે તેઓ હકીકતમાં કોઈ દોડભાગ કરતા નથી. જો દોડભાગ કરતા હોય તો આટલી બૈચેની જોવા ન મળે. સોમને કહ્યુ છે કે તેઓ ફિજિકલ રીતે દોડવાની વાત કરી રહ્યા છે. તેમનુ કહેવુ છે કે લોકો એક જગ્યાએ બેઠા બેઠા દિમાગી ઘોડા દોડાવતા રહ્યા છે અને આજે ભાગદોડની લાઈફમાં પણ આવા જ દિમાગી ઘોડા દોડાવતા રહે છે. આ પ્રકારના લોકો જુદી જુદી પ્રકારની બિમારીઓને લઈને ફરિયાદ કરતા રહે છે. તેમનુ માનવુ છે કે આવુ કરનાર લોકો વાસ્તવમાં મોટા ભ્રમમાં રહે છે. તેમનુ માનવુ છે કે ફિટનેસ લાઈફમાં સૌથી ઉપયોગી બાબત છે. આ પ્રકારના લોકોને લાગે છે કે તેઓ દોડી રહ્યા છે પરંતુ હકીકતમાં આપ્રકારના લોકો એક જગ્યાએ બેઠેલા હોય છે. ફિટનેસની પરિભાષા શુ છે શુ તમે મેરાથોન દોડવા અને જુમ્બા ડાન્સ કરવા માટે ફિટ રહેવા માંગો છો. અથવા તો દરરોજની પ્રવૃતિ સરળતાથી થઈ શકે તે માટે ફિટ રહેવા માંગો છો. તમામ લોકો માટે ટ્રેનિંગ અલગ પ્રકારની છે. સોમને કહ્યુ છે કે તેમના માટે સ્વસ્થ અને પિટ રહેવાની બાબત અલગ છે. ફિટ રહેવાની બાબતમાં એક ફિટ બાબત રહે છે. તેમનુ કહેવુ છે કે ફિટ રહેવાની સ્થિતીમાં જ તમામ બાજી લાઈફની જીતી શકાય છે. મિલિન્દ સોમન મોડલ અને અભિનેતા તરીકે લોકપ્રિય છે. છેલ્લા એક દશકમાં સોમને મેરાથોન રનર, ટ્રાયથલિટ અને ઓલરાઉન્ડ ફિટનેસ એમ્બેસેડર તરીકે પોતાની છાપ ઉભી કરી છે. તેમનુ કહેવુ છે કે તે ૧૯૯૮ બાદથી જીમમાં ગયા હતા. તેઓ માત્ર પુશ અપ અને પુલ અપ કરે છે. સાથે સાથે થોડાક સમય માટે દોડ લગાવે છે. તેમનુ કહેવુ છે કે તેઓ અંતિમ શ્વાસ સુધી દોડતા રહેવાની ઈચ્છા રાખે છે. કારણ કે તેમને લાગે છે કે ફિટનેસ માટે તે સૌથી સરળ અને સુલભ માધ્યમ તરીકે છે. જેના પર કોઈ પણ વિશ્વાસ કરી શકે છે. સ્વસ્થ અને ફિટ રહેવાની બાબત એટલા માટે જરૂરી છે કે તેના વિના તમામ લક્ષ્યને હાંસલ કરી શકાય નહી. દિમાગ જો યોગ્ય રીતે કામ કરશે નહીં તો પણ લક્ષ્ય પુર્ણ થશે નહીં. સાથે સાથે શરીર સાથ આપશે નહીં તો પણ લક્ષ્ય પૂર્ણ થશે નહી. તાજેતરમાં જ કરવામાં આવેલા એક રસપ્રદ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે દિવસમાં ૧૫ મિનિટ સુધી કસરત લાઈફમાં ત્રણ વર્ષનો ઉમેરો કરે છે. તાઈવાનનમાં તાજેતરમાં જ કરવામાં આવેલા અભ્યાસમાં આ મુજબની બાબત જાણવા મળી છે. અભ્યાસાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે મોટાભાગના લોકો ૩૦ મિનિટ સુધીની કસરત કરે તો તેમના લાઈફમાં ઉમેરો કરી શકે છે. અભ્યાસમાં એવું પણ જાણવા મળ્યું છે કે સપ્તાહમાં પાંચ દિવસ કસરત કરવાથી પણ ફાયદો મળે છે. નિષ્ણાંતોએ કહ્યું છે કે ઓછા ડોઝના કારણે ઓછો ફાયદો થાય છે પરંતુ નિયમિત રીતે ૩૦ મિનિટ સુધી કસરત ખૂબ જ આદર્શ છે. લીડ રિચર્સર તાઈવાનના સીપેગે કહ્યું છે કે દિવસમાં ૧૫ મિનિટ સુધીની કસરતથી પણ ફાયદો થાય છે. વોકીંગથી પણ ફાયદો થાય છે. તાઈવાનની નેશનલ હેલ્થ રિચર્સ ઈન્સ્ટ્રીટ્યુટના પેંગે કહ્યું છે કે પુરુષો, મહિલાઓ, યુવાનો અને વૃદ્ધ લોકો તેમજ ધૂમ્રપાન કરનાર લોકો તથા અસ્વસ્થ રહેતા લોકો માટે પણ નિયમિત પણે કસરત ખૂબ જ ઉપયોગી છે. જ્યારે પણ દર્દીઓ કોઈ ખાસ તકલીફના દર્દીને જુએ છે ત્યારે વોકીંગની સલાહ આપે છે અથવા તો તેને હળવી કસરતની સલાહ આપે છે. મેડીકલ જનરલમાં પ્રકાશિત થયેલા તેમના તારણોમાં જણાવવામાં આવ્યું છે કે ૪૧૬૦૦૦ લોકોને આવરી લઈને આ સર્વે કરવામાં આવ્યો હતો જેમાં મોટાભાગના લોકોના મત જાણવામાં આવ્યા હતા. તેમના આરોગ્ય અંગે પણ પ્રશ્નો કરવામાં આવ્યા હતા. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે ૧૫ મિનિટ કસરતથી ઉપયોગી ફાયદો થાય છે. દરરોજની કસરત કેન્સરના જોખમને ઘટાડવામાં ઉપયોગી સાબિત થાય છે. આ ઉપરાંત સામાન્ય રીતે પીઠમાં દુઃખાવાનો પણ મદદરૂપ થાય છે.ફિટનેસ સૌથી પહેલી પ્રાથમિકતા રહે તે જરૂરી છે.





Cyber Octet™

CYBER SECURITY AND
ETHICAL HACKING
TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST
WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

TRAINING BY:- THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234
info@cyberoctet.com
www.cyberoctet.com




# જમ્મુ અને કાશ્મીર : આત્મહત્યાના કેસોમાં ૧૩% વધારો

। જમ્મુ. તા.૭ ।

